શિક્ષણનો મુખ્ય મૂળ ઉદ્દેશ
માણસને માણસ
બનાવવાનો જ છે
- એસ. ભટ્ટાચાર્ય

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૬૯ | ૨૦ મે, ૨૦૧૩, સોમવાર; વૈશાખ સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# આજે મનપાના ડેપ્યુટી મેયરની ચૂંટણી

## બંને પક્ષના ઉમેદવારોના નામ બંધ કવરમાં બંને પક્ષના પ્રદેશ નેતાઓ નક્કી કરી મોકલશે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર મહાનગરપાલિકાના નાયબ મેયર માટે આઝે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે વધુ એક જંગ ખેલાશે.

આજે બપોરે બહે વાગે મહાનગરપાલિકાના સભાખંડમાં મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાના અધ્યક્ષપદે સામાન્ય સભા મળશે.

મેયરશ્રીના અધ્યક્ષપદે મળનારી સામાન્ય સભામાં નાયબ મેયરશ્રી યુસુફ પરમારની મુદત પૂરી થતી હોવાથી ચૂંટણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. કોંગ્રેસ પક્ષે આ જંગ જીતવા માટે એડીચોટીનું જોર લગાવ્યું છે. કોંગ્રેસ પક્ષે આ પદ માટે વડી અદાલતના દ્વાર ખખડાવી પક્ષાંતર કરી ગયેલા સભ્યોને મતદાનથી અળગા રાખવામાં આવે તેવી માંગણી કરતી અરજી પણ કરી છે જેની સુનાવણી આજે થવાની છે.

ભાજપે પણ આ જંગ માટે તૈયારીઓ પૂરી કરી લીધી છે. આ જંગની વિશેષતા એ રહેશે કે બંને પક્ષોના મોવડીમંડળ દ્વારા ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે. બંને પક્ષના નેતાઓને બંધ કવરમાં જ નામો મોકલવામાં આવશે.

બંને પક્ષોએ તેમની વ્યુહરચનાના ભાગરૂપે બપોરે ૧ વાગ્યા સુધીમાં કોર્પોરેશન ખાતે હાજર થઈ જવા માટે સભ્યોને સૂચનાઓ જારી કરી છે.

ગાંધીનગર મહાનગરપાલિકામાં મેયર અને તેમના બે સાથીઓએ કરેલા પક્ષાંતર પછી આ બીજી મહત્વની ચૂંટણી છે જેમાં પક્ષાંતર કરી ગયેલા સભ્યોના મત નિર્ણાયક બની રહ્યા છે. પક્ષાંતર કરી ગયેલા મેયર અને તેમના સાથીઓ સામે સક્ષમ અધિકારી સમક્ષ પક્ષાંતર ધારાના ભંગ અંગેનો કેસ ચાલી રહ્યો છે જેનો ચુકાદો હજુ આવ્યો નથી.

ગાંધીનગર મનપામાં મેયર અને તેમના બે સાથીઓ ભાજપમાં જોડાતા ભાજપે સ્થાયી સમિતિ કબ્જે કરી લીધી છે. હવે ડેપ્યુટી મેયર પદ પણ કબ્જે કરવાની ઔપચારિકતા બાકી રહી છે. આમ ભાજપ હવે સંપૂર્ણ કબ્જો કોર્પોરેશન પર મેળવી લેશે.



ગરમીમાં રાહત - ગાંધીનગર સહિત રાજ્યભરમાં છેલ્લા દસ દિવસથી હીટવેવ છે... કાળઝાળ ગરમીમાં રાહત મેળવવા સૌ અલગ- અલગ ઉપાયો અજમાવે છે... પંખા, એ.સી. બાહ્ય વાતાવરણને ઠંડુ કરે જ્યારે ટેટી, તડબૂચ અને કેરી શરીરના આંતરિક સંરચનાને ઠંડક આપે છે... ગ્રીષ્મમાં ટેટી - તડબૂચનું વેચાણ ગરમીના પ્રમાણની સાથે વધતું જાય છે... અને કેરી તો ગુજરાતીઓનું પ્રિય ફળ છે... ફળોનો રાજા ગણાય એવી કેસર કેરીની બોલબાલ ગુજરાતની ઓળખ સાથે સંકળાયેલી છે. આમ ગરમીના દિવસોમાં હળવુંફુલ ફળ ખાવાનું સૌને ગમે છે અને સૌને રાહત આપે છે... નગરમાં ઠેર ઠેર તડબૂચ - ટેટીના વેચાણ માટે લારીઓ ઊભી થઈ ગઈ છે....

# જિલ્લામાં જમીન ખેડાણ કર્યા વગર પડતર રાખવામાં આવી રહી છે...!

## ખેતી મોંઘી બનતાં ખેડૂતો ખેતી તરફથી મુખ ફેરવી રહ્યા છે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં ખેડૂતો હવે ખેતી તરફથી પોતાનુ મુખ ફેરવી રહ્યા છે અને જિલ્લામાં ખેડ્યા વગર જમીન પડતર રાખવાની વૃત્તિમાં ભારે વધારો થઈ રહ્યો હોવાની ચોંકાવનારી હકીકતો બહાર આવી રહી છે.

પ્રાપ્ત થતી માહિતી પ્રમાણે જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષથી સતત પાંચ વર્ષ સુધી ખેડાણ ન થઈ હોય તેવી જમીન ૫૯૫૮ હેક્ટર હતી. આ જમીન પાંચ વર્ષથી ખેડવાલાયક વિસ્તાર હોવા છતાં પણ ખેડૂતો ખેતી તરફથી મુખ ફેરવી રહ્યાનો પુરાવો છે.

બીજી તરફ છેલ્લા એક વર્ષમાં વધુ એક હજાર હેક્ટર જેટલી જમીન પણ પડતર રહેવા દીધી હોવાનું બહાર આવ્યું છે. મળતી વિગતો પ્રમાણે તાજેતરમાં પુરા થયેલા ખેતીના વર્ષની વિગતો પ્રમાણે જિલ્લામાં છેલ્લા એક વર્ષ દરમ્યાન ખેડાણ ન થઈ હોય તેવી જમીન ૬૯૪૨ હેક્ટર છે.

વીજપુરવઠાની સતત અનિયમિતતા અને અસહ્ય દરો, હવામાનમાં સતત બદલાવ, સિંચાઈની સિમીત સુવિધાઓ, બીજ અને આનુષંગીક સાધનોના ભાવોમાં

● અનુસંધાન પાન-૭ પર

# વહીવટી ક્ષેત્રે આમુલ પરિવર્તન માટે રાજ્ય સરકારની સક્રિય વિચારણા

ગાંધીનગર, તા. ૧૯

રાજ્ય સરકારે વહીવટીક્ષેત્રે આમૂલ પરિવર્તન કરવાની સાથે સાથે પગાર ખર્ચના ભારણને ઓછુ કરવા માટે વહીવટીય સંવર્ગની કેટલીક ડેડરોનું એકીકરણ કરવા સહિતની બાબતોની વિચારણા માટે બે ઉચ્ચસ્તરીય સમિતિઓની રચના કરી છે.

વહીવટીય પરિવર્તનની દિશામાં આગળ વધવા માટે સરકારે નિવૃત્ત અધિકારીઓ પાસેથી સૂચનો મેળવવાની સાથે એક સમિતિ બનાવી છે. જેમાં કેડરોના એકીકરણ અંગે વિચારણા કરાશે તેમજ તંત્રને પ્રજાભિમુખ બનાવવા બાબતે પગલાં સૂચવશે. જ્યારે હાઈપાવર કમિટિ હાલના મંત્રીમંડળના સભ્યોની રચવામાં આવી છે.

રાજ્યના વહીવટીતંત્રને ગતીશીલ અને પારદર્શક બનાવવા માટે રાજ્ય સરકારે વહીવટી સુધારણા માટે બે ઉચ્ચસ્તરીય સમિતિઓ રચીને સરકારમાં વિવિધ સંવર્ગમાં જુદી જુદી કેડરોનો અભ્યાસ કરીને કેડરોનું રેશનલાઈઝેશન કરવાની દિશામાં સક્રિય વિચારણા હાથ ધરી છે.

નાણા વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્ય સરકારના વિવિધ વિભાગો

**કેટલીક કેટરોનું એકીકરણ કરવા તથા પગારના ભારણને ઘટાડવા સહિતના કેટલાક પગલાઓની વિચારણા માટે બે ઉચ્ચસ્તરીય સમિતિઓની રચના કરાઈ : સમિતિએ ભલામણ સાથેનો રોડ મેપ તૈયાર કરી સરકારને ૬ મહિનામાં અહેવાલ સુપરત કરવાનો રહેશે : કર્મચારીઓને કાર્યક્ષમ બનાવવા આઈ.ટી.નો મહત્તમ ઉપયોગ કરવા વિચારણા**

બોર્ડ-નિગમોમાં હાલમાં રહેલ વહીવટીય માળખા અંગેની એક સમીક્ષા કરીને વહીવટી સુધારણાના પગલા લેવાનો નિર્ણય કર્યો છે.

આ માટે રાજ્ય સરકારે એક નિવૃત્ત ઉચ્ચ સનદી અધિકારીઓની અને એક સમિતિ જે હાઈ પાવર કમિટિ છે તે રાજ્યના નાણામંત્રીના અધ્યક્ષપદે રચવામાં આવી છે. આ હાય પાવર કમિટિમાં મહેસૂલ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, પંચાયત મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ઉર્જામંત્રી સૌરભભાઈ પટેલ, રાજ્યના મુખ્ય સચિવ નાણા વિભાગના અગ્ર સચિવ, નાણા વિભાગના ખર્ચ સચિવ અને સામાન્ય વહીવટ વિભાગના સચિવનો સભ્ય તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે.

નિવૃત્ત સનદી અધિકારીના વડપણ હેઠળ રચવામાં આવેલી કમિટિએ હાલમાં રાજ્ય સરકારના વિવિધ વિભાગો તેના તાબા હેઠળની કચેરીઓ બોર્ડ-નિગમોમાં કાયમી કર્મચારીઓ કેટલા છે, પાર્ટ ટાઈમ અને કોન્ટ્રાક્ટથી કેટલા કર્મચારીઓ રાખવામાં આવ્યા છે અને ખાલી જગ્યાઓ કેટલી છે તેની સમીક્ષા કરીને તેમાં શું ફેરફારો કરવાની જરૂરીયાત છે તે અંગે ભલામણ કરવાની રહેશે.

આ ઉપરાંત કર્મચારીઓ અધિકારીઓને બઢતીની તકો ઉપલબ્ધ થાય અને વહીવટી કામગીરીમાં સરળતા ઉપલબ્ધ થાય તે માટે હાલમાં જે કેડરો છે તે તમામ કેડરોનો અભ્યાસ કરીને તેમાંથી કેટલી કેડરોને રદ કરવાની અને રેશનાલાઈઝેશન કરવાની જરૂરીયાત છે તે અંગે પણ ભલામણ કરવાની રહેશે. સાથોસાથ વર્તમાન વહીવટી માળખામાં કેટલા કર્મચારીગણ છે

● અનુસંધાન પાન-૭ પર





